**DATE: 16/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-09**

# દહેજના પણિયાદરા નજીક ટેન્કરોમાંથી બોટલોમાં ગેસ ભરવાનું કૌભાંડ ઝડપાયું: 3.33 કરોડનો મુદ્દામાલ જપ્ત

**મહાલક્ષ્મી** હોટલ ભાડેથી ચલાવવા લઈ સમગ્ર કૌભાંડનું સંચાલન કરતા બે ઝડપાયા, દસેક ઈસમો અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા

ભરૂચઃ દહેજ પોલીસે પણિયાદરા ગામ નજીક ટેન્કરોમાંથી બોટલોમાં ગેસ ભરવાનું કૌભાંડ ઝડપી લઈને કુલ રૂ.3.33 કરોડ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

દહેજ પોલીસને પેટ્રોલિંગ દરમિયાન પણિયાદરા ગામ નજીક મહાલક્ષ્મી હોટલના ગ્રાઉન્ડ નજીક ગેસના પાંચ ટેન્કરો તેમજ એક પીકઅપ ગાડી હોવાનું જણાતા પોલીસે સ્થળ ઉપર જઈને જોતા કેટલાક ઈસમો કોઈ સંદિગ્ધ પ્રવૃત્તિ કરતા હોવાનું જણાયું હતું. પોલીસને જોઈને ત્યાંથી ઉભેલા ઈસમો ભાગવા જતા પોલીસે પાછળ દોડીને બે ઈસમને પકડી લીધા હતા. જો કે અન્ય દશેક જેટલા ઈસમો અંધારામાં ભાગી છૂટયા હતા. એક ટેન્કરમાં ગેસ વહન માટેના ત્રણ વાલ્વ પૈકી એક વાલ્વ ખુલ્લો જણાયો હતો. પકડાયેલ ઈસમોના નામ ધનારામ ભીખારામ લુહાર (રહે.મહાલક્ષ્મી હોટલ ગામ પણિયાદરા તા.વાગરા જિ.ભરૂચ અને મુળ રહે.રાજસ્થાન) તેમજ બીજા ઈસમનું નામ મુસ્તાકઅલી મહેબુબઅલી (રહે. મહારાષ્ટ્ર)નો સમાવેશ થાય છે. ધનારામ લુહારે મહાલક્ષ્મી હોટલ ભાડેથી ચલાવવા માટે લીધી છે અને છેલ્લા એક મહિનાથી ટેન્કરોમાંથી જોખમી રીતે ગેસ કાઢવાની પ્રવૃત્તિ ચાલતી હતી અને પાંચ ટેન્કરોમાંથી કુલ ૩૬ બોટલો ભર્યા હતા.

પોલીસે ઘટના સ્થળેથી ગેસના ટેન્કરો કુલ કિંમત રૂ.3.27 કરોડ ઉપરાંત ગેસ ભરેલ બોટલો, પીક અપ ગાડી, ગેસના ખાલી બોટલો સહિત કુલ રૂ.3.33 કરોડનો મુદ્દામાલ કબજે લઈને બે ઈસમો તેમજ વોન્ટેડ અન્ય ટેન્કર ડ્રાઈવરો સહિતના અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 16/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### થોડા દિવસો પહેલાં ગોકુળનગર વિસ્તારમાં છમકલા બાદ વધુ સતર્કતા દાખવી

# ભરૂચમાં આજે ઈદે મિલાદના જુલૂસને લઇ 700થી વધારે પોલીસ જવાનો તૈનાત રહેશે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર સહિત પંથક અને તાલુકાઓમાં સોમવારે ઈદે મિલાદની દબદબાભેર ઉજવણી કરાશે. સોમવારે મુસ્લીમ બીરાદરો દ્વારા ઈદે મિલાદને લઈને જુલુસ કાઢવામાં આવશે.ત્યારે તહેવારમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બદોબસ્ત રાખવામાં આવ્યો છે. ભરૂચમા એ, બી અને સી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં 11 પીઆઈ, 19 પીએસઆઈ, 265 પોલીસ કર્મીઓ તેમજ 380થી વધુ હોમગાર્ડ-જીઆરડી જવાન તેમજ 90 એસઆરપી સહિતનો સ્ટાફ ખડે પગે રહેશે.

ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મહંમદ પયગંબર સાહેબના જન્મદિવસ ઈદે મિલાદની ભરૂચ શહેર અને પંથકમાં ભારે હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવે છે. બંને જિલ્લામાં વસતાં 4 લાખ કરતાં વધારે મુસ્લિમ બિરાદરોએ મસ્જિદ ખાતે તહાજ્જુદની ખાસ નમાઝ અદા કરશે. ભરૂચ સહિત જિલ્લાભરમાં વિવિધ વિસ્તારમાં ઈદે મિલાદને લઈને મુસ્લીમ બિરાદરો દ્વારા જુલુસ કાઢવામાં આવશે. ભરૂચમાં ઈદે મિલાદ તહેવારને લઈને ખાસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં ભરૂચ એ ડિવિઝન પોલીસ વિસ્તારમાં 4 પીઆઈ, 8 પીએસઆઈ, 95 પોલીસકર્મીઓ, 180 હોમગાર્ડ-જીઆરડી તેમજ 48 એસઆરપી જવાનોનો બંદોસ્ત રહેશે. જ્યારે બી ડિવિઝન વિસ્તારમાં 5 પીઆઈ, 8 પીએસઆઈ, 110 પોલીસકર્મીઓ, 120 હોમગાર્ડ-જીઆરડી, 45 એસઆરપી તેમજ સી ડીવિઝન વિસ્તારમાં 2 પીઆઈ, 3 પીએસઆઈ, 60 પોલીસકર્મી તેમજ 80 હોમગાર્ડ-જીઆરડી જવાનનો બંદોબસ્ત રહેશે.

### પોલીસ દ્વારા ઈદે મિલાદ- ગણેશ વિસર્જનને અનુલક્ષી આયોજન કરાયું

# ઝઘડિયામાં પોલીસ દળ દ્વારા તમામ મહત્વના વિસ્તારોમાં ફ્લેગ માર્ચ, લોકોમાં કુતૂહલ સર્જાયું

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા પોલીસ સ્ટેશન દ્વારા ઝગડીયા ટાઉન વિસ્તારમાં નીકળનાર ઈદે મિલાદના જુલુસ તેમજ ગણેશ વિસર્જન શોભાયાત્રાના રૂટ ઉપર ફૂટપેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. પોલીસની ફ્લેગ માર્ચને લઈને લોકોમાં એક તબક્કે કુતુહલ સર્જાયું હતું. જોકે, પંથકમાં શાંતિમય માહોલમાં તહેવારો પુર્ણ થાય તે ચુસ્ત બંદોબસ્ત રખાયો છે.

આગામી તહેવારોને અનુસંધાને ઝઘડિયા પોલીસ અને પોલીસ દળ દ્વારા ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝઘડિયા પોલીસ દ્વારા ઝઘડિયા ટાઉનના તમામ વિસ્તારોમાં ઝઘડિયા પી.આઈ એન.આર ચૌધરી ના માર્ગદર્શન હેઠળ ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજિત ફ્લેગ માર્ચમાં પોલીસ કર્મચારીઓ દ્વારા નગરના વિવિધ વિસ્તારોમાંથી



પસાર થઇ ત્યાંથી ભૌગોલિક સ્થિતિની જાણકારી મેળવવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો નગરજનોને અહેસાસ થાય અને શાંતિપૂર્ણ રીતે તહેવારો પૂર્ણ થાઈ એના માટે ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.

**DATE: 16/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સુરત-વલસાડ પોલીસમાં 7થી વધુ કેસ

# ભરૂચમાં ચોરી કરનાર ગઠિયો આખરે 5 વર્ષે પોલીસ સકંજામાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે એ ડીવીઝન પોલીસ મથકમાં નોંધાયેલા ચોરીના ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપીને ઝડપી પાડ્યો છે.

ભરૂચ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમના સભ્યો ફરાર આરોપીઓની શોધખોળમાં હતા તે દરમિયાન તેઓએ બાતમીના આધારે ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ મથકની હદમાં વર્ષ 2019માં થયેલ ચોરીના ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી ફરાર આરોપી અને સુરતના ભેસ્તાન વિસ્તારમાં રહેતો ગુલામહુશેન ઉર્ફે કાણીયો કાલુભાઈ મલેકની ધરપકડ કરી હતી. ઝડપાયેલો આરોપી ગુલામ મલેક ચોરીના અનેક ગુનાઓમાં સંડોવાયો હોવાનું બહાર આવ્યું છે. તેની વિરુદ્ધ સુરત રેલવે પોલીસ સ્ટેશન,સુરત ડીંડોલી પોલીસ સ્ટેશન,સુરત ચોક બજાર પોલીસ સ્ટેશન અને વલસાડ રેલવે પોલીસ સ્ટેશન સહિતના પોલીસ મથકમાં ગુના નોંધાયા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ અર્થે એ ડીવીઝન પોલીસમાં સોંપવામાં આવ્યો છે.

**DATE: 16/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# દહેજની કંપનીમાં રૂ.૧ લાખના સામાનની ચોરી કરનાર બે આરોપી ઝડપાયા

ભરૂચ, તા. ૧૫

દહેજ નજીક આવેલ કૂકડો કેમિકલ કંપનીની રૂપિયા એક લાખના સામાન ચોરીનો ભેદ ઉકેલાયો છે. દહેજ પોલીસે બે આરોપીઓની બુલેરો સહિત રૂ.૩.૧૦ લાખ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા.

ભરૂચના દહેજ નજીક આવેલ કૂકડો કેમિકલ કંપનીમાંથી રૂપિયા એક લાખની કિંમતના સામાન થયેલી ચોરીના પ્રકરણમાં પોલીસે ગણતરીના કલાકોમાં બે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગુનામાં સંડોવાયેલા અન્ય ચાર આરોપીને વૉન્ટેડ જાહેર કર્યા

ભરૂચના દહેજ નજીક આવેલી કૂકડો કેમિકલ કંપનીમાં તા,૧૨ સપ્ટેમ્બરના રોજ તસ્કરોએ ત્રાટકી પતરાની રૂમમાંથી મિકેનિકલ પાઈપિંગ મટીરીયલને લગતા રૂપિયા એક લાખની કિંમતના સામાનની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.આ અંગે દહેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે વિવિધ ટીમ બનાવી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી.

પોલીસે બાતમીના આધારે બોલેરો પીક અપને રોકી તપાસ કરતા પિકઅપમાંથી બે ઈસમો મળી આવ્યા હતા.અંદર રહેલા સામાન અંગે સઘન પૂછપરછ કરતા તેઓએ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. આથી પોલીસે મૂળ મહારાષ્ટ્રના રહેવાસી અમીન ખાન પઠાણ અને બિહારના રહેવાસી રાજન રાયની ધરપકડ કરી હતી તેઓની પૂછપરછમાં તેઓએ કંપનીમાંથી સામાનની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

પોલીસે તેઓ પાસેથી રૂ.૩.૧૦ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે આ ગુનાના સામેલ અન્ય ચાર આરોપીઓને વૉન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

**DATE: 17/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHSKAR PAGE-04**

# કોંઢ ગામ નજીકથી રિક્ષામાં દારૂની ખેપ મારતાં બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નેત્રંગ તરફથી એક ઓટો રીક્ષા માં અલગ અલગ બેગ થેલામાં વિદેશી દારૂ ભરીને ભરૂચ તરફ જનાર છે.આ માહિતીના આધારે વાલિયા પોલીસે કોંઢ ગામના બસ સ્ટેશન ઉપર પોલીસ કર્મીઓ સાથે અલગ અલગ રીતે વોચ ગોઠવી હતી. આ સમય દરમ્યાન માહિતીવાળી ઓટો રીક્ષા આવતા તેને રોકી અંદર તપાસ કરતા તેમાંથી બોટલો નંગ-61 કિં.રૂ.34,500 તથા એક મોબાઈલ તથા ઓટો રીક્ષા કબ્જે કરી કુલ રૂ.89,500 નો મુદ્દામાલ કબ્જે કરીને મહમંદ શેખ અને અબ્દુલ શેખને ઝડપી પાડયાં

**DATE: 17/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અનિચ્છનીય બનાવો રોકવા માટે 500થી વધુ પોલીસ તૈનાત રહેશે

# ઝઘડિયામાં મઢી ઘાટ, ભાલોદ, અશા અને પાણેથામાં વિસર્જનનું આયોજન

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા



ઝઘડિયા નગરના ગણપતિનું મઢી ઘાટ ખાતેજ્યારે રાજપારડીના આજુ બાજુ વિસ્તારના શ્રીજીના વિસર્જન માટે ભાલોદ ખાતે વ્યવસ્થા કરવામાં આવી છે. ઉમલ્લા વિસ્તારના શ્રીજીનું વિસર્જન અશા અને પાણેથા ગામે નર્મદા નદીમાં કરવામાં આવશે. ઝઘડિયાના પીઆઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, બંદોબસ્તમાં એક પીઆઇ અને એક પીએસઆઇ સહિત 41 પોલીસ જવાનો, 90 જીઆરડી જવાનો, 16 હેડ કોન્સટેબલ, 4 ટીઆરબીના જવાનો રહેશે. વિસર્જન યાત્રા પર નજર રાખવા માટે 8 કેમેરાનો ઉપયોગ કરાશે. રાજપારડીના પીએસઆઇ મીરએ જણાવ્યુ હતુ કે, રાજપારડી વિસ્તારના ગણેશ વિસર્જન માટે એક પીઆઇ અને એક પીએસઆઇ સહિત 36 પોલીસ અને 100 જીઆરડીના જવાનો હાજર રહેશે.

**DATE: 17/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કોપર ખરીદનારા બે વેપારી સામે પણ કાર્યવાહી

# ઓરાના સોલર પ્લાન્ટમાંથી કેબલ ચોરીમાં 3 તસ્કર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકાના ઓરા ગામની સીમમાં આવેલી બીઈપીએલ સોલાર પ્લાન્ટમાંથી કેબલ વાયરોની ચોરીમાં સંડોવાયેલાં 3 તસ્કરોને શકિતનાથ ગરનાળા નજીકથી ઝડપી પાડયાં છે.એલસીબીએ દરોડો પાડી શશીકાંત ઉર્ફે લાલો રોહિત, અજય રાઠોડ અને સંજય વસાવાની કડક પૂછપરછ કરતાં તેમણે કબુલાત કરી હતી કે, તેઓ છેલ્લા ત્રણેક વર્ષથી એક બીજાના પરીચયમાં હોય, કેબલ વાયરની ચોરી કરવાનું નક્કી કર્યું હતું. સંજય વસાવાની બાઈક લઈને ચોરી કરવા જતા અને છેલ્લા એક અઠવાડીયામાં ત્રણ વખત ચોરી કરી કેબલ વાયરના ગુંચળાં શક્તિનાથ ઝુપડ્ડપટ્ટી પાસે સળગાવી તેમાંથી કોપર ધાતુ અલગ કરી હતી. આ કોપર શેરપુરા ગામે તથા ભરૂચ શહેર કતોપોર બજારમાં આવેલા જનતા વાસણ ભંડારમાં વેચી દીધા હતા. પોલીસે કોપર વાયર ખરીદનાર ઐયાઝ શેખ તથા અબ્બાસ ચુનારવાળાનાઓને ઝડપી પાડી બન્ને પાસેથી 50 કિગ્રા.કોપરનો મુદ્દામાલ મળી કુલ રૂ.58,390 નો મુદ્દામાલ કબ્જે કરી છે.

**DATE: 17/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ગોકુળનગરમાં છમકલાં બાદ વિસર્જનના રૂટ પર ચુસ્ત બંદોબસ્ત

# 3 રૂટ પર 3,300થી વધુ પોલીસ જવાન, એસઆરપીની બે કંપની શહેરમાં આવી

## સંવેદનશીલ વિસ્તારોમાં રાઉન્ડ ધ કલોક પેટ્રોલિંગ કરાશે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ



ભરૂચના ગોકુળ નગરમાં ધાર્મિક ઝંડા લગાવવા બાબતે થયેલાં ધિંગાણા અને બીજી તરફ સુરત-કચ્છમાં બનેલી ઘટનાઓને લઈને ભરૂચ શહેર જિલ્લામાં શ્રીજી વિસર્જન વેળાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. 3300થી વધુનો પોલીસ કાફલો જિલ્લાભરમાં વિસર્જન રૂટ પણ તૈનાત રહેશે.

ભરૂચ શહેર જિલ્લામાં ગણેશ વિસર્જનને લઈને જિલ્લા પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો છે. ભરૂચ પંથકમાં ગણેશ વિસર્જનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વિવિધ મંડળો દ્વારા ગણેશની ઉપાસનાઓ કરવામાં આવી રહી છે. 17મી સપ્ટેમ્બરના રોજ ગણેશ વિસર્જન હોઈ ભરૂચ અને અંકલેશ્વર શહેર સહિત જિલ્લાભરમાં ગણેશ વિસર્જનની તૈયારીઓમાં ગણેશભક્તો જોતરાઈ ગયાં છે. વિસર્જનના ટાણે કોઈ પણ પ્રકારનો અનિચ્છનિય બનાવ ન બને અને ગણેશ વિસર્જનનો પર્વ શાંતિમય માહોલમાં ઉજવાય તે માટે પોલીસે બંદોબસ્ત ખડકી દેવાની કવાયત હાથ ધરી છે. ગણેશ વિસર્જન માટે ભરૂચ જિલ્લામાં 5 ડિવાયએસપી, 35 ઈન્સ્પેક્ટર, 66 પોસઈ, તેમજ 1200 હેડ કોન્સ્ટેબલ - કોન્સ્ટેબલ તથા એસઆરપીના 145 જવાનો અને 650 હોમગાર્ડ, 1214 ગ્રામ રક્ષક દળ સહિતનો પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત રહેશે.

વીડિયો શૂટિંગ પણ કરાશે

વિસર્જનના દિવસ માટે ભરૂચની સ્થાનિક પોલીસ સહિત બહારથી પણ પોલીસ કાફલો બોલાવામાં આવ્યો છે. જેમાં બે એસઆરપી કંપનીઓનો પણ સમાવેશ કરાયો છે. ધાબા પોઈન્ટ, સંવેદનશીલ વિસ્તારો, ચોકડીઓ તેમજ વિસર્જનના રૂટ ઉપર પણ સતત પોલીસ બંદોબસ્ત રહેશે. પોલીસ દ્વારા અલગ અલગ સ્થળે વિડિયોગ્રાફી પણ કરવામાં આવશે. જેને પગલે કોઈ અનિચ્છનિય બનાવને અંજામ આપવામાં આવે તો પોલીસ દ્વારા કસુરવારોની ઓળખ થઈ શકે.

**DATE: 17/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

# ભરૂચ પંથકમાં મુસ્લિમ સમાજ દ્વારા ઈદે મિલાદુન્નબીની ભવ્ય ઉજવણી

## અનેક સ્થળોએ જુલૂસ નીકળ્યા, પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાં સોમવારના રોજ ઈદે મિલાદુન્નબીની ભવ્ય ઉજવણી કરાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના ભાઈઓએ જોડાઈ શાંતિપૂર્ણ માહોલમાં જુલૂસ કાઢવામાં આવ્યું છે. જેમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

ઈસ્લામી માસની ૧૨મી રબી ઉલ અવ્વલના દિવસે મોહમ્મદ પયગમ્બર સાહેબના જન્મ દિવસની ઉજવણી મુસ્લિમ સમાજના લોકો દ્વારા કરવામાં આવે છે. જેના ભાગરૂપે ભરૂચ જિલ્લામાં આવેલા વિવિધ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ઈદે મિલાદુન્નબીના તહેવારની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. ઈદે મિલાદુન્નબીના દિવસે મોટા મોટા જુલૂસ પણ નીકળતા હોય છે. ભરૂચ શહેરના મુસ્લિમ વિસ્તારો,ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા શેરી, મહોલ્લા, સોસાયટીઓ, મસ્જિદો, દરગાહો રંગબેરંગી તોરણો અને લાઈટિંગથી સજાવવામાં આવ્યા છે.ગામોમાં નિયાઝ સહિત ધાર્મિક કાર્યક્રમોના પણ આયોજનો કરાયા છે. ભરૂચ શહેરના બાયપાસ વિસ્તારમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના નાના મોટા લોકોએ એકત્ર થઈ મુસ્લિમ આગેવાન અબ્દુલ કામઠી અને જુલૂસ કમિટીના પ્રમુખના માર્ગદર્શન હેઠળ નીકળ્યું હતું.જેમાં મુસ્લિમ બિરાદરોએ દરેક લોકોને મુબારકબાદી પાઠવી હતી.

**DATE: 18/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# જંબુસરમાં ગણેશજીની પ્રતિમાઓનું નાગેશ્વર તળાવ ખાતે વિસર્જન કરાયું

જંબુસર

જંબુસર નગરમાં ૬ દિવસનું આતિથ્યમાણવા પધારેલા વિઘ્નહર્તા દેવને નગરજનોએ નાગેશ્વર તળાવમાં વિદાય આપી.

ભાદરવા સુદ ચોથના દિવસે જંબુસર નગર સહિત પંથકમાં ગણેશજીની સ્થાપના કરી હતી. વિઘ્નહર્તા દેવ ના વિવિધ સ્વરૂપોની વિવિધ શણગાર સાથે સ્થાપન કરી ગણેશ મંડળ દ્વારા રોજ અલગ અલગ ભજન કીર્તન સાહિતના ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવ્યા.સાત દિવસનું આતિથ્ય માણવા પધારેલા ગજકર્ણદેવનું આજરોજ લંબોદરની વિસર્જન યાત્રા દરેક મંડળો દ્વારા પોતપોતાના સ્થળેથી નીકળી નજીકના રોડ પરથી પસાર થઈ નાગેશ્વર તળાવ ખાતે ઢોલ,નગારા,ડીજે ના તાલે હસીલાસ સાથે પહોંચી હતી.

નગરના માર્ગો ગણપતિ બાપા મોરિયાના નાદથી ગુંજી ઉઠ્યા હતા. આ યાત્રા શાંતિપૂર્ણ મહોલમાં સંપન્ન થાય તે માટે જંબુસર પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દીધો છે. પાલિકા તંત્ર દ્વારા તારાપા, તરવૈયા,લાઈટિંગ પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

**DATE: 19/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

## આજના યુગમાં સાઈબર ક્રાઈમથી બચવા શું કરવું જોઈએ?

# ભરૂચ પોલીસ દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### તજજ્ઞો દ્વારા સાઈબર ક્રાઈમના ગુનાઓ અંગે માહિતી આપી

। ભરૂચ ।

ભરૂચ પોલીસ દ્વારા સુરક્ષાસેતુ સોસાયટી અંતર્ગત સાયબર ક્રાઈમ અવરનેશ કાર્યક્રમ, સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટ અંતર્ગત આર્ટીકલ્સ વિતરણ તથા ટ્રાફીક અવેરનેશ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાયબર ક્રાઈમના ગુનાઓ અંગે માહિતી આપી હતી.

ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ શહેરમાં આવેલી અંબેમાતા વિદ્યાલય ખાતે સાયબર ક્રાઈમ અવેરનેશ કાર્યક્રમ, સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટ અંતર્ગત આર્ટીકલ્સ વિતરણ તથા ટ્રાફીક અવેરનેશ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૫૦ થી વધુ વિંદ્યાર્થીઓને સાયબર ક્રાઈમથી બચવા માટે શું શું કરવું ? કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવી ?, સોશીયલ મિડીયા એકાઉન્ટની પ્રાઈવસી/સીકયુરીટી કઈ રીતે સેટ કરવી અને સોશીયલ મિડીયા એકાઉન્ટ થકી કયા કયા બનાવો હાલ બની રહ્યા છે. બાળકોને મોબાઈલ આપતી વખતે શું ધ્યાન રાખવુ, ગેમીંગ એપ્લીકેશનથી થતા ગેરફાયદાઓ જેવી હકીકતથી વાકેફ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ફાઈનાન્સીયલ ફ્રોડ વિશે માહીતી આપવામાં આવી હતી.

આ વિષયો ઉપરાંત રોડ સેફટી તથા ટ્રાફીક અવેરનેશ બાબતે માહિતગાર કરવામાં આવ્યા આ પ્રસંગે જિલ્લાના નાયબ પોલીસ અધિક્ષક એમ.એમ.ગાગુલી, ભરૂચ જિલ્લા ટ્રાફીક પીઆઈ બી.એલ. મહેરીયાએ વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અને ટ્રાફીક જાગૃતિ અંગે માહિતી આપી હતી.

**DATE: 20/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંકલેશ્વર નજીક નર્મદા મૈયા બ્રિજ પરથી ઝંપલાવે તે પહેલા બચાવી લીધી

અંકલેશ્વર તા. ૧૯

ભરૂચ અને અંકલેશ્વરને જોડતા નર્મદા મૈયા બ્રિજ પરથી નદીમાં મોત છલાંગ લગાવવા આવેલી એક મહિલાને ત્યાંથી પસાર થતા રાહદારીએ બચાવી લીધી હતી.મહિલાએ ઝેરી દવા પણ ગટગટાવી હોવાનુ જાણવા મળતા જ તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

ગતરોજ બુધવારે સાંજે ભરૂચથી અંકલેશ્વર તરફ જતા માર્ગ ઉપર આવેલા નર્મદામૈયા બ્રિજ ખાતે એક અજાણી મહિલા અગમ્ય કારણોસર નદીમાં મોતની છલાંગ લગાવી રહી હતી.ત્યાંથી પસાર થઈ રહેલા રાહદારીની નજર પડતા તેણે દોડી આવી મહિલાને બચાવી પોલીસને જાણ કરી હતી.

મહિલાએ ઝેરી દવા પીધી હોવાથી સારવાર માટે ૧૦૮ મારફતે તેને સારવાર હેઠળ ખસેડી હતી. આ બનાવને પગલે લોક ટોળા એકત્ર થતાં ટ્રાફિકજામનું સર્જાતા ટીઆરબીના જવાનોએ વાહન વ્યવહાર રાબેતા મુજબ કરાવ્યો હતો.

**DATE: 20/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અંકલેશ્વરમાં દેશભરના ટ્રાન્સપોર્ટરોની બેઠકમાં પાર્કિંગ અને ટ્રાફિકના મામલે ચર્ચા કરાઇ

# 7 મીટરના સર્વિસ રોડ પર ટ્રક પાર્ક થાય તો 3 મીટરનો રસ્તો રોકાઇ જતાં ટ્રાફિકજામ, પોલીસ હવે દંડ ફટકારશે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના સ્વામિનારાયણ મંદિરના હોલમાં ભારત ટ્રક એન્ડ ટ્રાન્સપોર્ટ વેલ્ફેર એસો.ની વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમાં સર્વિસ રોડ પર પાર્ક કરી દેવામાં આવતી ટ્રકો, , હાઈવે પર બગડી જતી ટ્રકોને તરત હટાવી લેવા તથા ટ્રક બગડે ત્યારે ફરજિયાત પાર્કિંગ લાઈટ ચાલુ રાખવી સહિતના સૂચનો પોલીસ વિભાગ તરફથી ટ્રક માલિકોને કરવામાં આવ્યાં હતાં. ટ્રાફિકજામ માટે સૌથી મોટી સમસ્યા ભરૂચના હાઈવે પર સર્વિસ રોડ પર પાર્ક થતી ટ્રકો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે પણ સર્વિસ રોડ પર પાર્ક કરાતી ટ્રકો સામે દંડનીય કાર્યવાહી કરવાની ચીમકી આપી છે ત્યારે **ભાસ્કરે નિષ્ણાંત પાસેથી જાણવાનો પ્રયાસ કર્યો હતો કે, સર્વિસ રોડ પર પાર્કિંગના કારણે કેવી સમસ્યાઓ સર્જાય છે. વિશાંગ ઠાકોરના જણાવ્યાં અનુસાર** હાઈવે પર અમુક અંતરે ડીવાઈડરની પાછળ અમુક જગ્યા ટ્રકોના પાર્કિંગ માટે રાખવામાં આવે છે. મોટાભાગના ટ્રક ચાલકો ટ્રકને સર્વિસ રોડની ઉપર કે આસપાસ પાર્ક કરી દેતા હોય છે કારણ કે મોટાભાગની ટ્રાન્સપોર્ટ ઓફિસો હાઈવે પર આવેલી છે. જો 7 મીટરનો સર્વિસ રોડ હોય તો તેના પરથી બે ટ્રક એકસાથે પસાર થઈ શકે છે અને જો એક ટ્રક પાર્ક કરી દેવાય તો 3 મીટરનો રસ્તો રોકાઈ જાય અને તેના કારણે ટ્રાફિકજામ થાય છે. 10 મીટરનો સર્વિસ રોડ હોય તો એક ટ્રક પાર્ક થઈ શકે છે. હાઈવે પર આવેલાં એક પણ સ્થળે સફેદ પટ્ટા મારવામાં આવ્યાં નથી ત્યારે પોલીસ કેવી રીતે કાર્યવાહી કરશે તે એક સવાલ છે.



## પોલીસને સંપૂર્ણ સહયોગ આપવાની એસો.ની ખાતરી

સાધારણ સભામાં ટ્રાન્સપોર્ટરો અને પોલીસ અધિકારીઓ વચ્ચે એકબીજા સાથે સંલગ્ન પ્રશ્નોને લઈ હકારાત્મક સંવાદ થયો હતો.. સભાના અંતમાં ટ્રાન્સપોર્ટરોને આગામી દિવસોમાં લોન્ચ થનારી ટ્રાફિક વિભાગની નવી વેબસાઈટ વિશે માહીતી અપાઈ હતી. બેઠકમાં ડી.વાય.એસ.પી.ડો.કુશલ ઓઝા, જિલ્લા ટ્રાફિક પીઆઈ ભાવના મહેરિયા, ટ્રાન્સપોર્ટ એસોસિએશનના ગુજરાત પ્રભારી સંદીપ શર્મા, નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ જયભગવાન બલહારા,સહિતના હોદ્દેદારો તેમજ ટ્રાન્સપોર્ટ ઉપસ્થિત રહ્યા હતા.

## ટ્રાન્સપોર્ટરોની રજૂઆતો અને પોલીસના જવાબો

**ટ્રાન્સપોર્ટરો:** ટ્રકો સામેની કાર્યવાહી દરમિંયાન દંડની રકમ ભરવામાં ઘણો સમય લાગી જાય છે. પોલીસની સાથે અમારો સમય પણ વ્યય થાય છે તેથી ઓનલાઈન પેમેન્ટની વ્યવસ્થા કરવામાં આવે
**પોલીસ:** **યુપીઆઇ** થી દંડની રકમ વસુલાઈ તે માટે કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ કર્મીઓને સ્વાઈપ મશીન આપવાનું વિચારણા હેઠળ છે.

**ટ્રાન્સપોર્ટરો :** વાહનોના પાર્કિંગ બાબતે શું ગાઈડલાઈન છે અને સાઈડમાં પાર્ક કરેલાં વાહનો કેવી રીતે નક્કી કરશો ?
**પોલીસ :** હાઈવે પર આડેધડ રીતે પાર્ક કરવામાં આવતાં વાહનોના કારણે ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. વાહનોને સફેદ પટ્ટાની અંદર જ પાર્ક કરવા જોઈએ. જો સફેદ પટ્ટાની બહાર વાહનો પાર્ક કરેલા હશે તો દંડ કરવામાં આવશે.

**ટ્રાન્સપોર્ટરો :** રસ્તાઓ કયારે રીપેર કરવામાં આવશે ?
**પોલીસ :** હાલ ખાડાઓ પુરવામાં આવી રહયાં છે. દિવાળી પછી નવીનીકરણ કરવાનું આયોજન છે.

### વડદલા ગામ પાસે આવેલી ન્યુ ઇન્ડિયા કંપનીના રૂમમાં દહેજ પોલીસે દરોડો પાડ્યો

# બિહારથી દેશી તમંચો અને કારતૂસ લાવ્યો, સ્થાનિકને આપે તે પહેલાં પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ પોલીસ મથકના પોલીસકર્મીઓ પંથકમાં પેટ્રોલિંગમાં હતાં. તે વેળાં કોન્સેબલ સેતાનસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે, વડદલા ગામ પાસે આવેલી ન્યૂ ઈન્ડિયા એસીડ કંપનીમાં આવેલી રૂમમાં રહેતો અભિજીત યાદવે તેની પાસે દેશી હાથ બનાવટનો તમંચો રાખ્યો છે. જેના પગલે તેમણે પીઆઈ હિતેશ ઝાલાને સમગ્ર મામલાથી વાકેફ કરી ટીમ સાથે સ્થળ પર દરોડો પાડ્યો હતો. કંપનીના એડમીન ઓફિસની ઉપરના રૂમ નંબર 2માં પોલીસે તપાસ કરતાં રૂમમાંથી અભિજીત યાદવ ( મુળ રહે. બિહાર)ને ટીમે ઝડપી પાડી તપાસ કરતાં એક પ્લાસ્ટીકની થેલીમાં કપડા અને ટૂવાલની નીચે દેશી હાથ બનાવટનો એક તમંચો તેમજ એક કારતૂસ મળી આવી હતી. પોલીસે તેની ધરપકડ કરી તેની પાસેના દેશી તમંચા અંગે પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, તેની સાથે ન્યુ ઇન્ડિયા કંપનીમાં પ્લાન્ટ ઓપરેટર તરીકે કામ કરતાં અને ભાડભૂતના રહીશ મેહૂલ ભીખુ માછીએ મંગાવ્યો હતો. જેના પગલે તેણે તે બિહાર વતને ગયો ત્યારે ત્યાંથી તમંચો લઇ આવ્યો હતો. જેના પગલે પોલીસે તેની પાસેથી કુલ 10 હજારની મત્તાનો દેશી તમંચો તેમજ એક જીવતો કારતૂસ તથા એક મોબાઈલ મળી કુલ 15 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

દેશી તમંચો ભાડભૂતના મેહૂલ માછીએ મંગાવ્યો હોવાની તેની કબુલાતને કારણે ટીમે તેને પણ ઝડપી પાડ્યો હતો. પોલીસે બન્નેને કોર્ટમાં રજૂ કરવા સાથે મેહૂલે કયાં કારણોસર તમંચો મંગાવ્યો તેની વિભાગો મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 21/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અંકલેશ્વરના મનીષ શાહ અપહરણ કેસમાં બંદૂક પૂરી પાડી હતી

# ઉવારસદ ગૌશાળામાંથી પોલીસે 27 વર્ષથી ફરાર આરોપીને ઝડપી લીધો

### દૂધ ખરીદવાના બહાને ગ્રાહકનો સ્વાંગ રચી 2 કલાક વોચ ગોઠવી

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વરમાં 1997ની સાલમાં બનેલા ચકચારી મનીષ શાહ ( શ્રોફ) અપહરણ અને ખંડણી કેસમાં પાકિસ્તાની બનાવટની બંદૂક પુરી પાડનારો આરોપી 27 વર્ષ બાદ ગાંધીનગર પાસેના ઉવારસદની ગૌશાળામાંથી ઝડપાયો છે. અંકલેશ્વર એ ડિવિઝન પોલીસને આરોપી ગૌશાળામાં હોવાની બાતમી મળતાં બે કલાક સુધી ગ્રાહક બની વોચ ગોઠવી હતી.

15 જુલાઈ 1997માં અંકલેશ્વરના શ્રોફ ભુપેન્દ્ર શાહના પુત્ર મનીષનું ચાર ઈસમો કારમાં અપહરણ કરી ફરાર થઇ ગયાં હતાં. બાદમાં પરિવારને ફોન કરીને 1 કરોડ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી. જે તે સમયે એટીએસ અને ભરૂચ એલસીબીએ મનીષને સુરેન્દ્રનગરના પાટડીમાંથી હેમખેમ છોડાવ્યો હતો અને 11 આરોપીની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી એક વિદેશી કાર્બાઈન મશીન ગન , 2 દેશી પિસ્તોલ , એક વિદેશી રિવોલ્વર અને દેશી રિવોલ્વર અને 79 કારતુસ પોલીસે જપ્ત કર્યા હતા.આરોપી પાસે હથિયારોની તપાસ કરવામાં આવતાં એક પાકિસ્તાની બનાવટની પિસ્તોલ અને કારતૂસ દિપક ઉર્ફે રાજુરામ આચાર્યએ આરોપી ગૌતમ દેવજી રાઠોડને આપી હોવાની વિગતો સામે આવી હતી. આરોપી દિપક 1997થી પોલીસને ચકમો આપી નાસતો ફરતો હતો. પોલીસથી બચવા તે મુંબઇ ભાગી ગયો હતો અને ત્યાં સ્ટીલ બજારમાં કામ કરવા લાગ્યો હતો. મુંબઈથી તે પરત ગુજરાત આવ્યો હતો અને ઓળખ છુપાવીને ગાંધીનગરના ઉવારસદની ગૌશાળામાં કામ કરવા લાગ્યો હતો. એ ડીવીઝનના પીઆઈ પી.જી.ચાવડા તથા તેમની ટીમને આરોપી વિશે ચોકક્સ માહીતી મળી હતી. 3 મહિનાથી આરોપીની ગતિવિધિ પર નજર રાખવામાં આવી રહી હતી. પોલીસની ટીમ રાણીપ પહોંચી હતી ત્યાંથી ગાંધીનગરના ઉવારસદ સ્થિત ગૌશાળાખાતે પહોંચી હતી.2 કલાક સુધી પોલીસએગતિવિધિ પર નજર રાખી હતી એટલું જનહીં પોલીસ જવાનો દૂધ અને ઘી ખરીદવાના બહાને ગૌ શાળામાંપહોંચ્યા હતા અને ગ્રાહક બની દીપક હોવાની ખાતરી થતાં તેને દબોચી લીધો હતો. આરોપીને અંકલેશ્વર ખાતે લાવી વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે. તે પાકિસ્તાની પિસ્તોલ ક્યાંથીલાવ્યો હતો અને અપહરણમાં હથિયાર આપવા સિવાય તેની શું ભૂમિકા હતી તે તપાસવા માટે પોલીસે તેના 3 દિવસના રીમાન્ડ મેળવ્યાં છે. ઉલ્લેખનીય છે કે, આ અપહરણ કેસમાં કેટલાય આરોપી આજીવન કેદની સજા ભોગવી રહયાંછે.

**DATE: 22/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-05**

# સાયણનો બુટલેગર દારૂ સાથે ઝડપાયો

ભરૂચ: ભરૂચ LCB પોલીસ ટીમ ખાનગી નાઈટ પેટ્રોલિંગમાં હતી. એ વેળા બાતમી મળી હતી કે સાયણનો બુટલેગર આલોકસિંગ રાજપૂત કાર નં.(GJ-05,RM-4865)માં વિદેશી દારૂ ભરીને વેચવા માટે ફરી રહ્યો છે. જેને લઈ શક્તિનાથ રેલવે ગરનાળા નજીક ગીતાપાર્ક સોસાયટીના ગાર્ડન બહાર કારને કોર્ડન કરી હતી, જેમાં ચેક કરતાં રૂ.48,000નો દારૂ અને મારુતિ સ્વિફ્ટ કિં.રૂ.5 લાખ મળી કુલ રૂ.5,48,000નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ દારૂ ભરૂચ શહેરમાં વેચાણ કરવા લઈ આવ્યો હતો.

### બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વૃધ્ધો માટે વિશેષ સેમિનાર યોજવવામાં આવ્યો

# અંકલેશ્વરમાં 40 જેટલા વયસ્કોને પોલીસે સિનિયર સિટિઝનના કાર્ડથી સજ્જ કર્યા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે એક વિશેષ સેમિનાર પીઆઇ ભૂતિયાની હાજરીમાં યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ જે વડીલો એકલા રહેતા હોય કે પછી તેમના પરિવાર સાથે રહેતા હોય તેવા વયોવૃદ્ધ સિનિયર સિટિઝન સાથે વાર્તાલાપકરતા પ્રથમ તેમની સમસ્યાઓજાણવાની કોશિશકરી હતી. અને પોલીસ વિભાગ આ સમસ્યાના નિદાન માટે કેવી રીતે મદદ કરી શકે તે અંગે વિસ્તૃતચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરી સિનિયર સીટીઝન સાથે થતા સાયબર ક્રાઈમ, તેમજછેતરપિંડી અંગે ગુનેગારોની મોડસ ઓપરેન્ડીઅંગે જાણકારી આપી તેમાંથી કેવી રીતે બચી શકાય તેઅંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વધુમાં જે સિનિયર સીટીઝનના કાર્ડ ના બન્યા હોય તેમજ કાર્ડ બનવવામાં માટે સમસ્યા ઉદ્દભવતી હોય તેવા સિનિયર સીટીઝનના પોલીસ દ્વારા મામલતદાર કચેરી જોડે સંકલન કરી સિનિયર સીટીઝન કાર્ડ બનાવી આપ્યા હતા. આવા 40 જેટલા કાર્ડનું સેમિનારમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

**DATE: 22/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સતત બીજા દિવસે પણ ઘાતક હથિયાર મળ્યું, પોલીસે વધુ તપાસ હાથ ધરી

# દહેજની ઋષિરૂપ સોસાયટીમાંથી તમંચા અને 5 કારતૂસ સાથે પરપ્રાંતિય સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ પોલીસની ટીમે સતત બીજા દિવસે દેશી બનાવટના અગ્નિશસ્ત્ર સાથે વધુ એક બિહારી યુવાનને ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી દેશીબનાવટની એક પિસ્તોલ તેમજ 5 કારતૂસ જપ્ત કર્યાં હતાં. ટીમે તેની સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દહેજ પોલીસનો કાફલો વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે વેળાં કોન્સ્ટેબલ સેતાનસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે, દહેજની વડિયા ચોકડી પાસે આવેલી ઋષિરૂપ સોસાયટીમાં જવાહરલાલ યાદવના મકાનમાં રહેતાં અમન મુનીલાલ મંડળ તેની પાસે દેશીહાથ બનાવટની પિસ્તોલ રાખે છે. જેના પગલે તેમણે પીઆઇ હિતેશ ઝાલાને ઘટનાથી વાકેફ કરતાં તેમના માર્ગદર્શન સાથે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે અમનના ઘરમાં પહોંચતાં તે ઘરમાં જ મળી આવ્યો હતો. તેનું મુળ વતન બિહાર હોવાનું તેણે જણાવ્યું હતું. ટીમે



તેના ઘરમાં તપાસ હાથ ધરી હતી. દરમિયાનમાં ઘરમાં એક લાલ કલરની બેગમાં પ્લાસ્ટિકની થેલીમાં એક દેશી બનાવટની પિસ્તોલ તેમજ 5 કારતૂસ મળી આવ્યાં હતા. ટીમે તેની પાસેના પિસ્તોલ અંગે પુછપરછ કરતાં તેણે થોડા સમય પહેલાં જ તે બિહાર તેના વતને ગયો હતો. તે વેળાં ત્યાંથી લાવ્યો હતો. જોકે, તે કોઈ માટે લાવ્યો હતો કે કેમ કે પછી તે કોઈ ગુનાઈત કૃત્યને અંજામ આપવાનો હતો કે કેમ તેની પુછપરછ હાથ ધરી છે.

**DATE: 22/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## બે મહિનાથી પોલીસને ચકમો આપતો હતો

# ઝઘડિયામાં સગીરાને ભગાડી જનાર અમદાવાદથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલાં દુષ્કર્મ તથા અપહરણના ગુનામાં બે માસથી ફરાર આરોપીને ઝડપી પાડયો છે. પીએસઆઈ ડી.એ.તુવરની ટીમને આરોપી વિશે ચોકક્સ બાતમી મળી હતી. આરોપી અમદાવાદ શહેરમાં પાર્વતીનગરમાં હોવાની જાણ થતાં ત્યાં વોચ ગોઠવવામાં આવી હતી અને આકાશ ઠાકોરને ઝડપી લેવાયો હતો.



આરોપી મુળ બનાસકાંઠાના નવાવાસ ગામનો રહેવાસી છે. હાલ તો આરોપીને ઝઘડિયા પોલીસને સોંપવામાં આવ્યો છે. આરોપી બે મહિના પહેલાં સગીરાને ભગાડી ગયો હતો જેથી તેના વાલીઓએ તેની સામે ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 22/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-05**

# અમદાવાદમાંથી રિક્ષા ચોરી કરનારા પથુરણથી ઝડપાયા

ભરૂચ: ભરૂચ LCB ડી.એ.તુવર સહિત ટીમ ચાવજથી ટંકારિયા જતા રોડ ઉપર ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે પીળા હુડવાળી લીલા કલરની ઓટો રિક્ષા જેની નંબર પ્લેટ તૂટેલી છે. જે શંકાસ્પદ છે. આ રિક્ષા લઈ બે ઈસમ પરીએજ ગામથી ભરૂચ તરફ આવે છે. આ બાતમીના આધારે LCB ટીમે પગુથણમાં વોચમાં રહી અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી ઓટો રિક્ષા ચોરી કરનારા બે ઈસમ પૈકી ઈમ્તીયાઝ યાકુબ વલ્લી પટેલ (હાલ રહે., ઈખર કડકા કોલોની, તા.આમોદ, મૂળ રહે., મકાન નં-4, મોઈન ડુબલેક્ષ, દાણી લીમડા, ગુડલક માર્કીટ, અમદાવાદ) અને સમસુદ્દીન ઈબ્રાહીમ અલ્લી ડેમા (રહે., મેસરાડ, સરકારી આવાસ, તા.કરજણ, જિ.વડોદરા)ને ચોરીની બે ઓટો રિક્ષા તથા અંગજડતીના મોબાઈલ નંગ-2 સહિત કુલ કિં.રૂ.98,500નો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધીને ભરૂચ તાલુકા પોલીસમાં સોંપવામાં આવ્યો હતો. તેમજ અમદાવાદ શહેરના પાલડી પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવા તજવીજ હાથ ધરી હતી.

**DATE: 22/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

**₹ 1 કરોડની હેરાફેરી** સુરતનો યુવાન ભરૂચની પીએનબીમાં ખાતુ ખોલાવતો, ભારતમાંથી પૈસા નંખાતા, વિદેશમાંથી ઉપડી જતાં

# બોગસ ખાતા ખોલાવી દુબઈ- હોંગકોંગ પૈસા મોકલવાનું કૌભાંડ

### સુરતના બે સાગરીત અને વડોદરાનો મુખ્ય સુત્રધાર હજી પણ ફરાર : જેમના ખાતા ખુલ્યાં એમના પાસપોર્ટ પણ નથી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગૃપે એવી ટોળકીના સાગરિતોને ઝડપી પાડયાં છે કે જેઓ સ્થાનિક લોકોના આધારકાર્ડમાં સરનામા બદલીને પંજાબ નેશનલ બેંકમાં ખાતુ ખોલાવતાં હતાં. આ ખાતાઓમાં ભારતના અલગ અલગ સ્થળેથી પૈસા જમા થતાં હતાં બાદમાં પૈસા દુબઈ અને હોંગકોંગથી ઉપાડી લેવામાં આવતાં હતાં. પોલીસની પ્રાથમિક તપાસમાં વ્યવહારનો આંકડો 1 કરોડથી પણ વધી શકે છે.

ભરૂચ એસઓજીની ટીમના ધ્યાનમાં આવ્યું હતું કે, સુરતની અને દુબઈથી ઓપરેટ થતી એક ઠગ ટોળકીએ કેટલાંક લોકોને પંજાબ નેશનલ બેન્કમાં ખાતુ ખોલાવે તો તેમને 10 હજાર રૂપિયા મળશે તેવી લાલચ આપી તેમના એકાઉન્ટ ખોલાવ્યાં હતાં. જોકે, તેમને બેન્ક તરફથી મળતી એટીએમ સહીતની સામગ્રીની કિટ ન મળતાં તેઓએ ટોળકીનો સંપર્ક કરતાં તેમના એકાઉન્ટની કામગીરી પ્રોસેસમાં હોવાનું જણાવતાં હતાં. દરમિયાનમાં પોલીસે એકાઉન્ટ તપાસતાં તેમાં 42 એકાઉન્ટ એવા જણાયાં હતાં જેમાં તેના સંપર્ક નંબર બંધ થઈ ગયાં હતાં. જેથી તેમણે તે એકાઉન્ટની વિગતો મેળવતાં તે પૈકીના 8 એકાઉન્ટમાં ભારતમાંથી અલગ અલગ સ્થળેથી ઓનલાઈન રૂપિયા જમા થયાં બાદ દુબઈ અને બેંગકોકથી તે રૂપિયા ઉપડી જતાં હતાં. જેના પગલે તેમણે એકાઉન્ટ ધારકોની પુછપરછ કરતાં તેઓના એકાઉન્ટ સુરતના સરજુ દિલીપ દેવણીયા, ખંજન ઉર્ફે પ્રિન્સ કનુ મયાત્રા તથા દશરથ ધાંધલીયાએ શરૂ કરાવ્યાનું માલુમ પડ્યું હતું. એસઓજીની ટીમે એક્શનમાં આવી તે પૈકીના સરજુ દિલીપ દેવગણીયાને ઝડપી પાડ્યો હતો. જેની પુછપરછમાં તેણે કબુલ્યું હતું કે, દુબઈના વૈભવ પટેલ નામના શખ્સ માટે તેઓ એકાઉન્ટ ખોલાવી આપી તેમના એટીએમવાળી કીટ મેળવી વૈભવને પહોંચાડતાં હતાં. પોલીસની પ્રાથમિક તપાસમાં ભરૂચની પંજાબ નેશનલ બેંકમાં આવાં 42 ખાતા ખુલ્યાં હતાં જેમાંથી 8 ખાતાઓમાં 1 કરોડથી વધુના નાણાકીય વ્યવહારો થયા હોવાનું ધ્યાને આવ્યું છે. આ કેસમાં સુરતના અન્ય બે સાગરતિ અને વડોદરાનો મુખ્ય સુત્રધાર વોન્ટેડ છે.



### પાસપોર્ટ ન હોવા છતાં ખાતામાંથી વિદેશમાં રૂપિયા ઉપડ્યાં

પોલીસની પ્રાથમિક તપાસમાં કેટલાંક એકાઉન્ટ ધારકો એવા જણાયાં હતાં કે તેઓ પાસે કોઈ પાસપોર્ટ ન હતો. તેઓએ કોઈ વિદેશની ટૂર કરી ન હતી. કે તેમના કોઈ સગાસંબંધી પણ બહાર ગામ ગયાં ન હતાં. ત્યારે તેમના એકાઉન્ટમાં રૂપિયા જમા થાય અને બાદમાં તે દુબઈ અને બેંગકોક્માં ઉપડી જતાં હતાં.

### એકાઉન્ટ શરૂ કરે તો 10 હજાર મળે તેવી લાલચ આપી હતી

લોકો એકાઉન્ટ ખોલાવે તે માટે સરજુ તેમજ ખંજન તેમને લાલચ આપતાં હતાં કે, તેઓ એકાઉન્ટ ખોલાવે ત્યાર તેમને બેન્ક તરફથી તેમના ખાતામાં 10 હજાર રૂપિયા આપવામાં આવશે. રૂપિયાની લાલચમાં લોકો એકાઉન્ટ ખોલવા તેમના દસ્તાવેજ આપતાં જેમાં ભેજાબાજો ચેડા કરી ઉપયોગમાં લેતાં હતાં.

### ઝડપાયેલા આરોપીઓની મોડસ ઓપરેન્ડી શું છે

સરજુ દેવગણીયા તેમજ ખંજન ઉર્ફે પ્રિન્સ મયાત્રા લોકોના આધારકાર્ડમાં ચેડા કરી તેમાં એડ્રેસ બદલી એકાઉન્ટ ખોલાવતાં હતાં. બાદમાં એટીએમની કિટ મેળવી તે દશરથ ધાંધલીયા મારફતે એક્ટિવ કરાવી દુબઈ વૈભવ પટેલ પાસે પહોંચાડતો હતો.

## ખાતા ખોલાવ્યાં પછી મોબાઇલ નંબરો બંધ થઇ ગયાં, મેનેજરને શંકા જતાં 5 મહિનાથી વોચ હતી



**ફર્સ્ટ પર્સન**

આનંદ ચૌધરી, પીઆઇ, એસઓજી, ભરૂચ

પાંચેક મહિના પહેલાં હું અને મારો સ્ટાફ કેસ અંગે ચર્ચા કરી રહ્યાં હતાં. તે વેળાં પંજાબ નેશનલ બેન્કના મેનેજર દેવાશિષ સિસોદીયાનો ફોન આવ્યો હતો કે, તેમના બેન્કમાં તાજેતરમાં કેટલાંક એકાઉન્ટ ખુલ્યાં હતાં. જેના થોડા સમય બાદ એકાઉન્ટ સાથે નોંધણી કરાવેલો મોબાઈલ નંબર બંધ થઈ ગયા હોઈ તે એકાઉન્ટનો ખોટી રીતે ઉપયોગ થતો હોય તેવી શંકા છે. જેના પગલે અમે તેમની અરજી મેળવી તેના આધારે તપાસ શરૂ કરી હતી. જેમાં ચોંકાવનારી વિગતો મળી હતી. અમારી તપાસમાં 42 એકાઉન્ટ એવા મળ્યાં હતાં. જેના સંપર્ક નંબર બંધ થઈ ગયાં હતાં. તેમજ તે પૈકીના 8 એકાઉન્ટમાં ઓનલાઈનથી તેમાં રૂપિયા જમા કરાતાં હતાં. જ્યારે તે રૂપિયા દુબઈ અને બેંગકોકમાં ઉપાડી લેવાતાં હતાં. 8 એકાઉન્ટના ધારકોની પુછપરછ કરતાં તે પૈકીનું એક ભરૂચના વેજલપુરના મીનાબેન વસાવાનું હોવાનું માલુમ પડતાં તેમણે જણાવ્યું હતું કે, સુરત ખાતે રહેતાં તેમના તેમના બનેવીના સંપર્કથી સુરતના ખંજન ઉર્ફે પ્રિન્સ મયાત્રા તેમજ સરજુ ઉર્ફે કરણ દેવગણીયાએ તેમના એકાઉન્ટ ખોલ્યાં હતાં. જોકે, તેમને તેમની બેન્કની કિટ મળી ન હતી. સરજુ મુળ અમરેલીનો વતની હોવાનું તેમજ હાલ સુરત ખાતે રહેતો હોવાનું માલુમ પડતાં તેને પકડવા માટે બન્ને તરફ બે ટીમો બનાવી એક અમરેલી અને બીજી સુરત મોકલી હતી. સુરત ખાતેની ટીમ તેને શોધી રહી હતી. સરજુએ તેનું ભાડાનું મકાન ખાલી કરી બીજે રહેવા જતો રહ્યો હોવાનું માલુમ પડ્યું હતું. બીજી તરફ તેનો મોબાઈલ પણ સતત બંધ આવતો હતો. જોકે, તેના જૂના નંબરનો ઉપયોગ તે નેટથી કરતો હોવાનું માલુમ પડતાં ટેક્નિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તેને ઝડપી પાડ્યો હતો. બીજી તરફ વેજલપુરના મીનાબેન વસાવાએ પણ સી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. દુબઈ ખાતે રહેતો વૈભવ પટેલ મુખ્ય સુત્રધાર છે.